## ક્લાસિફાઇડ

### ૩૩. ધંધાદારી

**અનોખી ચહા**
દેશવિદેશમાં લોકપ્રિય, શક્તિવર્ધક ચહાનો, નાની મૂડીમાં, અનલિમિટેડ કમાણીનો ઘરેથી બીઝનેસ. Whatsapp: 9158333250 (૧૦૨૮૨-બી)

**એકાઉન્ટન**
કોઈ પણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર તાત્કાલિક તૈયાર કરીને આપીશું. જીએસટી/ ઈન્કમટેક્ષ/ ટીડીએસ રીટર્ન/ બેન્ક લોન. ડેટા એન્ટ્રી ફાઈનલાઇઝેશન સુધી. પાર્થઃ ૯૯૨૦૩૪૮૨૫૮/ 40047681. (બી-૮૧૫૯)

■ **ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈનલ કરવા માટેઃ જીતેન્દ્ર નાનજી છેડા (માટુંગા - ઈસ્ટ) અમારી ઓફીસ નથી. વિઝીટ ચાર્જ લાગશે. મો. ૭૩૦૩૧૪૨૬૩૮. (૧૦૨૯૧-એ)**

**પ્રાર્થના સભા**
બારમા તથા તિથી નિમિત્તે આપવા ગીફટ આઈટમો ફેકટરી ભાવે મળશે - 9930310057. (ટી-૪૮૩૩-સી)

**લગ્ન ગીફટ**
શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગીફટ આઈટમો ફેકટરી ભાવે મળશે - 9930310057. (ટી-૪૮૩૩-એ)

REQUIRE DEVELOPERS, Corporates for Big Plot, Malad (West), Mumbai. Ideal + Profitable for Banks, Colleges, Classes, Hospitals, Film Studios, Softwares Companies, Luxurious Buildings etc. Rich Surroundings. 9320166788, 9987766788. (B-8851)

**"REQUIRED"**
**Architect or PMC at Vile-Parle (West) for Feasibility & Viable for Redevelopment Society Project with Best Elevation & Floor Planning. It is situated Airport Funnel & Railway Tracks Adjoining. For BMC & Government Agencies Latest Rules & Regulations with TDR Details Call - 9819445658. (10297/D)**

**"REQUIRED"**
**Agency for Report of Private Company (Builder) Financial & Credit Report Status and Profile with full details - 9819445558. (10297/E)**

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**ફર્નીચર કોન્ટ્રાક્ટર**
મોડ્યુલર કીચન/બેડરૂમ ફર્નીચર વ્યાજબી ભાવે બનાવવા "FURNITTE" - 9892040760/7700976060. (૧૦૨૬૯-ડી)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગેબનસા પીર**
સ્પેશલિસ્ટ-શત્રુનાશ લવપ્રોબ્લેમ બિઝનેસ ફેમિલી છુટાછેડા, ઉધારી કર્જમુક્તી સૌતનત્રાશ ફોનપર કામ 9898338541/ 6351379015 સ્ટેશન પાસે ગોરેગાંવ વેસ્ટ. (બી-૮૮૩૧)

**રાણાજી**
દરેક સમસ્યાનું નિવારણ-લગ્ન સગાઈ love problem છૂટાછેડા, લક્ષ્મીબંધન, વ્યાપાર, નોકરી વિદેશ વિઝા, કર્જ, કોર્ટમેટર મુંબઈ-7977550152 (બી-૮૮૬૪)

■ અત્યંત પ્રભાવશાલી ધન, લગ્ન, લવ પ્રોબ્લેમ થોડા કલાકોમાં કોઈ પણ કામ સિદ્ધ. ગુરુજીઃ 7219004517. (૧૦૨૯૨-એ)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR SPECIALIST**
1, 2 Bedroom, 3D Design [Range, 20,000/-] 9821818007. (10284/A)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ ૨૮૬૨૫૯૨૯, ૯૨૨૦૭૮૯૫૩૩, ચીરાબજારઃ ૯૦૨૯૧૮૧૦૩૦. (૧૦૨૮૪-આઈ)



(બી-૮૮૭૪)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ, 8779622094 / 9773226675. (કાંદિવલી). (૧૦૨૫૭-એ)

### ૫૧. ખરીદવું છે

**WE BUY OLD WATCHES**
Rolex, Omega, Cartier, Tudor, A.P., Patek Philippe, Hublot etc. Atul 9820147144. (B-8713)

### ૫૨. કુરીઅર્સ

**વિદેશમાં પાર્સલ**
ઝડપથી, બેસ્ટ રેટ, સર્વિસ સસ્તામાં ઘર બેઠા સંપર્ક - 9029371130 / 8417093444. (૯૯૬૫/સી)

■ પરદેશ પાર્સલ સર્વિસ - ચીપ્સ એક્સપ્રેસ પ્રા. લી. ઓમ નગર, અંધેરી (ઈસ્ટ) મોબાઈલઃ 09898036257, 09320095632. (બી-૮૭૯૩)

**મનસ્વી પાર્સલ**
યુરોપ + અમેરીકા + ન્યુઝીલેન્ડ + ઓસ્ટ્રેલિયા + કેનેડા + દુનિયાભરમાં ''સસ્તામાં'' મોકલવા - 9820194719, 7208019515. (૧૦૨૯૬/એ)


વિસ્ફોટકો ભરેલી કારના કેસમાં એનઆઇએની ચાર્જશીટમાં

# પરમબીર સિંહ અને સચિન વાઝે વચ્ચે કડી હોવાનો ઉલ્લેખ નથી

મુંબઈઃ ખંડણી કેસમાં મુંબઈ પોલીસની ચાર્જશીટમાં સસ્પેન્ડ કરાયેલા આઇપીએસ અધિકારી પરમબીર સિંહ અને પદભ્રષ્ટ કરાયેલા પોલીસ સચિન વાઝે વચ્ચે કડી હોવાનું જણાવાયું હતું, જ્યારે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘરની નજીક મળી આવેલી વિસ્ફોટકોથી ભરેલી કારના કેસમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની ચાર્જશીટમાં તેઓ બન્ને વચ્ચે કડી હોવાનું કંઇ જણાવાયું નથી.

પદભ્રષ્ટ કરવા પહેલા આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટરનું પદ ધરાવતા સચિન વાઝે બન્ને કેસમાં કેન્દ્ર સ્થાને છે. ખંડણી કેસમાં તત્કાલીમ પોલીસ કમિશનર પરમબીર સિંહ સહઆરોપી છે અને ચાર્જશીટમાં જણાવાયું છે કે પરમબીર માટે વાઝે બૂકીઓ અને રૅસ્ટોરાંના માલિકો પાસેથી ખંડણી વસૂલ કરતો હતો. વિસ્ફોટકોથી ભરેલી કારનો કેસ પ્રકાશમાં આવ્યો ત્યારે વાઝે ક્રાઇમ ઇન્ટેલિજન્ટ યુનિટનો હિસ્સો હતો અને નિયમોના વિરોધ પરમબીરને માહિતી આપી હતી.

એનઆઇએ દ્વારા તપાસ હેઠળ પરમબીરનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. એક સાઇબર એક્સપર્ટ સાક્ષીએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે ત્રાસવાદની દહેશત ફેલાવવાના પ્રયાસ હેઠળ પરમબીરે આવું કરાવ્યું હતું, જેનું મૂળ તિહાર જેલથી હતું. સિંહ તેને આ બાબતે રિપોર્ટ બનાવવા માટે રૂ. પાંચ લાખની ઓફર પણ કરી હતી.

સાઇબર એક્સપર્ટે વધુમાં જણાવ્યું હતું કે તેને ત્રાસવાદી જૂથ જૈશ ઉલ હિંદના નામનો ઉપયોગ કરીને ટેલિગ્રામ કરવાનું કહેવામાં આવ્યું હતું. દિલ્હી પોલીસે આ કેસમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તિહાર જેલથી તે ટેલિગ્રામ આવ્યો હતો. એનઆઇએને પણ જાણવા મળ્યું હતું કે પરમબીરની હોમ ગાર્ડ તરીકે ટ્રાન્સફર કરાયા બાદ એક ઓનલાઇન આઇડી દ્વારા પરમબીરે અમુક આરોપીઓ સાથે ચર્ચા કરી હતી. ■

# ક્રૂઝ ડ્રગ્સ કેસમાં ટ્વિસ્ટઃ હવે સમીર વાનખેડેની ફઇએ નવાબ મલિક સામે કોર્ટમાં કેસ દાખલ કર્યો

## ▸ મલિક સામે એટ્રોસિટી હેઠળ ગુનો દાખલ કરવાની માગણી

ઔરંગાબાદઃ બોલીવુડના અભિનેતા શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનની સંડોવણી ધરાવતા મુંબઈ ક્રુઝ ડ્રગ્સ કેસનો નાર્કોટિક્સ ડિપાર્ટમેન્ટ (એનસીબી)ના ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેએ પર્દાફાશ કર્યા બાદ વાનખેડે અને લઘુમતી બાબતના પ્રધાન નવાબ મલિક વચ્ચે આરોપ-પ્રત્યારોપ શરૂ થયા હતા. હવે વાનખેડેની ફઇ ગુંફાબાઇ ગંગાધર ભાલેરાવે નવાબ મલિકના વિરોધમાં ઔરંગાબાદ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. થોડા દિવસ પહેલા તેમણે ઔરંગાબાદ શહેરના મુકુંદવાડી પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી હતી.

છેલ્લા દોઢ મહિનાથી નવાબ મલિક અને સમીર વાનખેડે વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. મલિક દ્વારા વાનખેડે સામે રોજ નવા નવા આક્ષેપો કરાઇ રહ્યા છે, જ્યારે વાનખેડે પરિવારના સભ્યોએ મલિક સામે કોર્ટમાં કેસ કર્યા છે. સમીર વાનખેડેની જાતિ અંગે પણ અનેક આક્ષેપો કરાયા હતા, પરંતુ પોતે મુસ્લિમ હોવાના દાવાઓ તેમણે ફગાવી દીધા હતા.

થોડા દિવસ પહેલા જ સમીરની ફઇ ગુંફાબાઇએ મલિક દ્વારા કરાતા આક્ષેપોને કારણે સમાજમાં બદનામી થઇ રહી હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. તેથી હવે આ પ્રકરણે નવું ટ્વિસ્ટ આવ્યું છે. પોલીસ ફરિયાદ કરવામાં આવી હોવા છતાં મલિક સામે ગુનો દાખલ કરવામાં ન આવતા હવે ગુંફાબાઇએ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. મલિક સામે એટ્રોસિટી હેઠળ ગુનો દાખલ કરવાની માગણી સાથે કોર્ટમાં અરજી કરી છે. ■

# પરમબીરે મારી સલાહ માગી હતી, તેમના આક્ષેપ પાયાવિહોણાઃ સંજય પાંડે

મુંબઈઃ સિસ્ટમ સામે નહીં લડવા મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહને મેં સલાહ આપી નહોતી. તેમના આક્ષેપ ખોટા અને પાયાવિહોણા છે, એમ રાજ્યના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) સંજય પાંડેએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી એફિડેવિટમાં જણાવ્યું છે.

પરમબીર સિંહ મારી પાસે આવ્યા હતા અને પોતે સરકાર સાથે વાર્તાલાપ કરી શકે એવી સ્થિતિમાં ન હોવાથી તે માટે મારી મદદ માગી હતી. આથી મેં તેમને સૂચન કર્યું હતું કે તેઓ જે પણ ઇચ્છે તે મુજબ હું તેમના વતી રાજ્ય સરકારને સંદેશ પહોંચાડવાનું પ્રયાસ કરી શકું છું, એમ સંજય પાંડેએ એડવોકેટ સમ્રાટ શિંદે દ્વારા દાખલ કરાયેલી ૨૯ પાનાંની એફિડેવિટમાં જણાવ્યું છે.

પરમબીર અને સરકાર વચ્ચે મધ્યસ્થી કરવા ક્યારેય કહ્યું નહોતું અને ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ સામે સીબીઆઇની તપાસનો વિષય પણ છેડ્યો નહોતો. પરમબીર સાથે વાતચીત કરવા માટે સરકારે મને કોઇ સૂચના આપી નહોતી, એમ પરમબીરે કરેલા આરોપોના જવાબમાં પાંડેએ જણાવ્યું હતું.

સરકારે પહેલી એપ્રિલે પાંડેને પરમબીર વિરુદ્ધ પ્રાથમિક તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. પાંડેએ કહ્યું છે કે હું સિનિયર અધિકારી અને સાથી હોવાને નાતે પરમબીર મને મળવા માટે આવ્યા હતા. મેં તેમને કોઇ પણ સલાહ આપવાની કે મધ્યસ્થી કરવાની ઓફર કરી નહોતી. પરમબીર મારી પાસે આવ્યા ત્યારે ખૂબ તણાવમાં હતા.

તેમણે મને કહ્યું હતું કે ૨૦મી માર્ચે મુખ્ય પ્રધાનને પત્ર લખ્યા બાદ હું તણાવ હેઠળ છું. હું આવું કરવા માગતો નહોતો, પણ હવે થઇ ગયું છે તો મને માર્ગદર્શન આપો અને મુશ્કેલીનું સમાધાન શોધી આપો.

૧૫ અને ૧૮ એપ્રિલે અમારી વચ્ચે મુલાકાત થઇ તેમાં અમુક વાતચીતના સંબંધમાં પરમબીર સિંહ હળાહળ જુઠ્ઠાણું ચલાવી રહ્યા છે. આમાં તેમના સ્થાપિત હેતુ સ્પષ્ટ થાય છે. તેમની વિરુદ્ધ તપાસને તેઓ આડે પાટે લઇ જવા માગે છે, એમ જણાવીને પાંડેએ ૧૬ સપ્ટેમ્બરે મુંબઈ હાઇ કોર્ટે આપેલા આદેશ સામે પરમબીરની વિશેષ અરજીને ફગાવી દેવા વિનંતી કરી હતી. ■

# દેશમુખ કેસઃ ઈડીએ સીતારામ કુંટેનું નિવેદન રેકોર્ડ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મંગળવારે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય સચિવ સીતારામ કુંટેનું છ કલાક નિવેદન નોંધ્યું હતું. રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખના કથિત મની લૉન્ડરિંગના કેસ સંદર્ભે આ નિવેદન નોંધવામાં આવ્યું હતું.

કુંટે અત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના પ્રધાન સલાહકાર છે. સવારે ૧૧.૦૦ વાગ્યે તેઓ બેલાર્ડ એસ્ટેટમાં આવેલી ઈડીની ઓફિસમાં પહોંચી ગયા હતા અને સાંજે ૫.૨૦ વાગ્યે તેઓ ત્યાંથી નિવેદન નોંધાવીને બહાર નીકળ્યા હતા.

ઈડીએ અનિલ દેશમુખ કેસ સંબંધે કેટલીક માહિતી મેળવવા માટે મને બોલાવ્યો હતો. મેં તેમને જોઈતી માહિતી આપી છે, એમ કુંટેએ બહાર નીકળતી વખેત જણાવ્યું હતું.

જ્યારે પત્રકારોએ એવો સવાલ કર્યો કે શું પોલીસ બદલીઓમાં થયેલી ગેરરીતિઓ સંબંધે પ્રશ્નો કરવામાં આવ્યા હતા, ત્યારે તેમણે ફક્ત હા કહ્યું હતું. ■

# બાંદ્રા-વર્સોવા સી-લિંક પ્રકલ્પ રખડ્યો

## ▸ સાડા ત્રણ મહિનાથી કામકાજ ઠપઃ કોન્ટ્રાક્ટ રદ થવાની શક્યતા

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારના સૌથી મહત્ત્વાકાક્ષી પ્રકલ્પ બાંદ્રા-વર્સોવા સી લિંક પ્રકલ્પનું સાડાત્રણ મહિનાથી કામકાજ ઠપ થયું છે તેમ જ તેનું કામકાજ આગળ વધતું નહીં હોવાથી પ્રોજેક્ટનું કામકાજ રખડી પડ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. છેલ્લા સાડાત્રણ મહિનાથી પ્રકલ્પનું કામકાજ ઠપ છે. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ (એમએસઆરડીસી) દ્વારા કોન્ટ્રાક્ટરને આપેલી નોટિસનો પણ જવાબ આપવામાં આવ્યો નથી, તેથી કોન્ટ્રાક્ટ પણ રદ થઈ શકે છે પરિણામે એમએમઆરડીસીએ નવો પ્રસ્તાવ રજૂ કરી શકે છે. બાંદ્રા-વર્સોવા વચ્ચેના ૧૭.૭ કિલોમીટરના લાંબા સી-લિંકના પ્રોજેક્ટ માટે કામકાજ કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવ્યું છે. પ્રસ્તાવિત પ્રકલ્પનું કામકાજ કોન્ટ્રાક્ટરે અઢી વર્ષમાં ફક્ત બે ટકા જેટલું કામકાજ પૂરું કર્યું હતું. પ્રકલ્પના કામકાજ ઝડપથી પાર નહીં પાડતા એમએસઆરડીસીએ ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં કોન્ટ્રાક્ટરને કારણ દર્શાવો નોટિસ ફટકારી હતી તથા નુકસાનભરપાઈ પેટે સાડાત્રણ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આમ છતાં કોન્ટ્રાક્ટરે તેની દંડાત્મક કાર્યવાહીની અવગણના કરી હતી અને તેની નોટિસનો પણ જવાબ આપ્યો નહોતો, પરિણામે કામકાજમાં શરૂઆત કરી નથી તથા સાડાત્રણ મહિનાથી કામકાજ ઠપ છે, એવી અધિકારીએ સ્પષ્ટતા કરી હતી. પ્રસ્તાવિત પ્રકલ્પનું કામકાજ નિર્ધારિત સમયગાળામાં પૂરું કરવાનું એમએસઆરડીસીએ નક્કી કર્યું છે. કોન્ટ્રાક્ટર યોગ્ય જવાબ આપતો નહીં હોવાથી પ્રોજેક્ટ ઘોંચમાં પડ્યો છે. એટલું જ નહીં, પણ આર્થિક રીતે સરકારને પણ નુકસાન થઈ રહ્યું છે. પ્રસ્તાવિત પ્રકલ્પ નિર્ધારિત ડેડલાઈનમાં પૂરો થઈ રહ્યો નથી, પરિણામે ખર્ચમાં પણ વધારો થશે. આ મુદ્દે કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાનું જરૂરી છે અથવા કોન્ટ્રાક્ટને રદ કરવામાં આવે એમ અધિકારીએ જણાવ્યું હતું. હાલના તબક્કે હવે મેનેજમેન્ટ ટીમ શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે. જોકે, કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે તો પ્રકલ્પને પૂરો કરવામાં વિલંબ થશે, કારણ કે કોન્ટ્રાક્ટરની નિમણૂક, નવું ટેન્ડર બહાર પાડવાનું તથા કામકાજ ચાલુ કરવાની પ્રક્રિયાનું મહત્ત્વનું પરિબળ ભાગ ભજવશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૬,૯૯૩ કરોડ રૂપિયાના પ્રસ્તાવિત પ્રોજેક્ટનું કામકાજ ૨૦૧૭માં ચાલુ કરવામાં આવ્યું હતું, જ્યારે ૨૦૨૭માં કામ પૂરું કરવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી. ■

# રાજ્યમાં ₹ ૫,૦૫૧ કરોડના રોકાણના કરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દુબઈ વર્લ્ડ એક્સપો બાદ રાજ્યના ઉદ્યોગવિભાગે રોકાણકારોને આકર્ષિત કરવાનું ચાલુ રાખ્યું છે અને મંગળવારે વિવિધ ૧૨ કંપની સાથે મહારાષ્ટ્ર સરકારે રૂ. ૫,૦૫૧ કરોડના રોકાણના સમજૂતીના કરાર કર્યા છે અને તેને પગલે ૯,૦૦૦ નવા રોજગારની નિર્મિતી થશે. રાજ્ય સરકારે મેગ્નેટિક મહારાષ્ટ્ર ૨.૦ના ભાગરૂપે અત્યાર સુધીમાં મહારાષ્ટ્રમાં રૂ. ૧.૮૮ લાખ કરોડના રોકાણો આકર્ષિત કર્યા છે અને તેને પગલે રાજ્યમાં ૩.૩૪ લાખ નવા રોજગારની નિર્મિતી થશે એમ રાજ્યના ઉદ્યોગ પ્રધાન સુભાષ દેસાઈએ મંગળવારે જણાવ્યું હતું. ■

# કોસ્ટલ રોડના કામમાં કરોડોનો ભ્રષ્ટાચારઃ ભાજપ

(અમારા પ્રતિનિધિ તરફથી)


(અમય ખરાડે)

મુંબઈઃ મુંબઈ મહાનગર-પાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે ભાજપે હવે શિવસેનાના કૌભાંડો બહાર કાઢવાની શરૂઆત કરી દીધી છે. મંગળવારે ભાજપના વિધાનસભ્યે કૅગના રિપોર્ટનો હવાલો આપીને કોસ્ટલ રોડના કામમાં કરોડોનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે પાલિકા પ્રશાસન, સત્તાધારી પાર્ટી શિવસેના અને રાજ્યના પર્યાવરણ ખાતાના પ્રધાન આદિત્ય ઠાકરે પર આકરા શબ્દોમાં પ્રહાર કર્યા હતા. નોંધનીય છે કે મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ શિવસેનાનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

આશિષ શેલારે મંગળવારે પાલિકાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં કન્સલ્ટટન્ટોને ગેરકાયદે આર્થિક મદદ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે મુંબઈગરાના પસીનાની કમાઈમાંથી ચુકવવામાં આવેલા વેરાના પૈસામાંથી કૉન્ટ્રેક્ટરોના ખિસા ભરવાનું કામ ચાલી રહ્યું છે.

૧, એપ્રિલ, ૨૦૧૬ અને ૨૦૨૦ની વચ્ચે કોસ્ટલ રોડના કામને લઈને કૅગના અહેવાલમાં પાલિકાને ઠપકો આપવામાં આવ્યો હતો તે અહેવાલને રજૂ કરતાં તેમણે ઉપરોક્ત આરોપ કર્યા હતા. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે કોસ્ટલ રોડ પ્રોજેક્ટના ૯૦ હેક્ટર ખુલ્લી જગ્યામાં કોઈ વ્યાવસાયિક બાંધકામ નહીં થાય એવી ખાતરી પર્યાવરણ ખાતાએ માગી હતી, પરંતુ ૨૮ મહિના બાદ આવી કોઈ ખાતરી મુંબઈ મનપા દ્વારા આપવામાં આવી નથી, તેના પરથી પાલિકાનો કોઈ છુપો એજેન્ડા હોવાની શંકા થઈ રહી છે. ■

# મુંબઈના મેયરે આશિષ શેલાર સામે ગૃહપ્રધાનને ફરિયાદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના મેયર કિશોરી પેડણેકરે મંગળવારે મહારાષ્ટ્રના ગૃહપ્રધાન દિલીપ વળસે-પાટીલને પત્ર લખીને ભાજપના વિધાનસભ્ય આશિષ શેલાર દ્વારા તેમની સામે કરવામાં આવેલા આક્ષેપાર્હ નિવેદનની ફરિયાદ કરી છે.

શિવસેનાના નેતા પેડણેકરે પોતાના પત્રમાં લખ્યું હતું કે ચોથી ડિસેમ્બરે તેમણે વરલીના સિલિન્ડર બ્લાસ્ટ અંગે પત્રકારોને સંબોધતાં આ વાંધાજનક નિવેદન કર્યું હતું. શેલારે એવો દાવો કર્યો હતો કે મેયર ઘટનાસ્થળે ૭૨ કલાક બાદ પહોંચ્યા હતા અને એવી ટિપ્પણી કરી હતી કે આટલા કલાકો ક્યાં સુઈ ગયા હતા?

મુંબઈના મેયર પ્રથમ નાગરિક હોય છે અને આ એક સન્માનીય પદ છે. મહિલા મેયર માટે વાપરવામાં આવેલા આ શબ્દો અત્યંત વાંધાજનક છે.

આ પહેલાં રાજ્ય મહિલા પંચે મુંબઈ પોલીસ કમિશનરને એવો આદેશ આપ્યો હતો કે ભાજપના નેતા આશિષ શેલાર દ્વારા મુંબઈના મેયર કિશોરી પેડણેકર વિશે કરવામાં આવેલા નિવેદન અંગે અહેવાલ રજૂ કરવો.

મહિલા પંચના અધ્યક્ષા રૂપાલી ચાકણકરે જણાવ્યું હતું કે સન્માનીય પદ અંગે ભાજપના નેતા દ્વારા કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી સહન કરવામાં આવશે નહીં. ■

# ઓબીસી ક્વોટા માટે કેન્દ્ર સરકાર કાયદો બનાવેઃ સુપ્રિયા સુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીના સંસદસભ્ય સુપ્રિયા સુળેએ મંગળવારે એવી માગણી કરી હતી કે કેન્દ્ર સરકારે કાયદો લાવીને ઓબીસી (અધર બેકવર્ડ ક્લાસ) સમાજના રાજકીય આરક્ષણ માટે કાયદો ઘડી કાઢવો જોઈએ અને મહારાષ્ટ્રમાં મરાઠા અને ધનગર સમાજના ક્વોટા અંગેની ચિંતા દૂર કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે રાજ્યની જે સ્થાનિક સ્વાયત્ત સંસ્થામાં ઓબીસી માટેનું આરક્ષણ ૨૭ ટકા જેટલું છે ત્યાંની ચૂંટણીઓ પર સ્ટે લગાવ્યા બાદ સુપ્રિયા સુળેએ ઉપરોક્ત માગણી કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે અન્ય બેઠકો માટેની ચૂંટણી કરવાની પરવાનગી આપી દીધી છે.

ઓબીસીના રાજકીય આરક્ષણ પર સુપ્રીમ કોર્ટે સ્ટે લગાવ્યો છે. અત્યારે સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. અમે એવી માગણી કરીએ છીએ કે કેન્દ્ર સરકારે એક કાયદો લાવવો જોઈએ, જેના પર શિયાળુસત્રમાં ચર્ચા કરી શકાય અને ઓબીસીના પડતર રાજકીય આરક્ષણ અને મરાઠા તેમ જ ધનગર સમાજના આરક્ષણના મુદ્દાઓનું નિરાકરણ કરી શકાય. આ નિર્ણયની આખા ભારતમાં મોટા સમાજ પર અસર થશે, એમ સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું.

લાખો લોકોના લાભાર્થે આ બંને બાબતો પર ધ્યાન આપવાની અપીલ તેમણે કેન્દ્ર સરકારને કરી હતી. ■

# હાઇ કોર્ટે અભિનેતા સાહિલ ખાનના આગોતરા જામીન મંજૂર કર્યા

મુંબઈઃ મુંબઈ હાઇ કોર્ટે આત્મહત્યા માટે પ્રેરિત કરવા તથા બદનક્ષીના કેસમાં અભિનેતા સાહિલ ખાનના જામીન મંજૂર કર્યા હતા. પુરસ્કૃત બોડી બિલ્ડર મનોજ પાટીલે સાહિલ ખાન સામે પોતાને બદનામ કરવા અને આત્મહત્યા માટે કથિત પ્રેરિત કરવાની ફરિયાદ કરી હતી જેના આધારે ઓશિવરા પોલીસે ૧૬મી સપ્ટેમ્બરે સાહિલ સામે ગુનો નોંધ્યો હતો.

મંગળવારે જસ્ટિસ નિતીન સાંબરેએ ખાનને અગાઉ આપવામાં આવેલા વચગાળાના સંરક્ષણને મંજૂરી આપી હતી. ધરપકડના દિવસે જ તેને રૂ. ૨૫,૦૦૦ના બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે આ કેસમાં પ્રથમદર્શી આઇપીસીની કલમ ૩૦૬ લાગુ પડતી નથી. સાહિલ ખાને ખાતરી આપી હતી કે તે તપાસકર્તાઓને તપાસમાં સહકાર આપશે તથા ફરિયાદી સામે સોશિયલ મીડિયા પર અથવા જાહેરમાં કોઇ પણ પ્રકારનું નિવેદન કરશે નહીં. કોર્ટે કહ્યું હતું કે જો કોઇ પણ શરતનું ઉલ્લંઘન થયું હોય તો ફરિયાદી પક્ષ જામીન રદ કરવાની અરજી કરી શકશે. ■

# રાષ્ટ્રપતિએ પુણેના એર ફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી

પુણેઃ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મંગળવારે પુણેના એર ફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ફ્લાઇંગ કવાયતો યોજવામાં આવી હતી તથા તેમણે હવાઇ દળના યોદ્ધાઓ સાથે ચર્ચા કરી હતી. આ સિવાય એસયુ-૩૦ એમકેઆઇ ફાઇટર જેટના ફૂલ મિસન સિમ્યૂટરનો તેમણે અનુભવ કર્યો હતો.

રાષ્ટ્રપતિ સોમવારથી ચાર દિવસ માટે મહારાષ્ટ્રની મુલાકાતે આવ્યા છે. મુંબઈ નજીક ઐતિહાસિક રાયગઢ કિલ્લાની રોપવે દ્વારા મુલાકાત લઇને તેમણે રાજ્યની ટૂરની શરૂઆત કરી હતી.

રાષ્ટ્રપતિ ભવન તરફથી ટ્વિટ કરાયું હતું કે રામનાથ કોવિંદે પુણેના એર ફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી હતી. અદ્ભૂત હવાઇ કવાયતોના તેઓ સાક્ષી બન્યા હતા તથા હવાઇ યોદ્ધાઓ સાથે તેમણે ચર્ચા કરી હતી. એસયુ-૩૦ એમકેઆઇ ફુલ મિશન સિમ્યુટરનો તેમણે અનુભવ કર્યો હતો.

મુંબઈમાં બુધવારે તેઓ નૌકાદળના બાવીસમા મિસાઇલ વેસલ સ્કવોડ્રોનને 'પ્રેસિડન્ટ્સ સ્ટાન્ડર્ડ'થી સન્માનિત કરશે, એમ રાષ્ટ્રપતિ ભવને અગાઉ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# મહારાષ્ટ્રમાં ૧૨ કરોડ રસીના ડોઝ અપાયા

મુંબઈઃ કોરોના પ્રતિરોધક રસી મહત્તમ લોકોને આપવાની ઝુંબેશ અંતર્ગત મંગળવારે રાજ્યમાં ૧૨ કરોડ રસીના ડોઝ પૂરા પાડવામાં આવ્યા છે. નવમી નવેમ્બર, ૨૦૨૧ના રોજ મહારાષ્ટ્રમાં ૧૦ કરોડ તથા ૨૫મી નવેમ્બરના રોજ ૧૧ કરોડનો આંકડો પાર કરવામાં આવ્યો હતો.

અત્યાર સુધીમાં મહારાષ્ટ્રમાં ૧૨ કરોડ જેટલા રસીના ડોઝનો સર્વોચ્ચ આંક પાર કરવામાં આવ્યો છે. ૧૨,૦૨,૭૦,૫૮૫ લોકોને કોવિડની રસીના ડોઝ પૂરા પાડવામાં આવ્યા છે, જેમાંથી ૪૭.૮૧ ટકા અથવા ૪.૩૭ કરોડ લોકોએ રસીના બંને ડોઝ લીધા છે તથા ૭.૬૫ કરોડ લોકોએ રસીનો એક ડોઝ લીધો છે, એમ રાજ્યના આરોગ્ય વિભાગના મુખ્ય સચિવ પ્રદીપ વ્યાસે જણાવ્યું હતું. ■

# રાજેશ ટોપેએ મુખ્ય પ્રધાનને ઓબીસી આરક્ષણ સંદર્ભે લખ્યો પત્ર

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં ઓબીસીને ૨૭ ટકા આરક્ષણ આપવાના રાજ્ય સરકારના નિર્ણય પર સુપ્રીમ કોર્ટે સ્ટે લગાવ્યા બાદ સરકાર સામે નવી સમસ્યા સર્જાઈ છે ત્યારે આ મુદ્દે હવે સત્તાધારી આઘાડીના નેતાઓ અને પ્રધાનોમાં નારાજગી ફેલાઈ હોવાનું બહાર આવી રહ્યું છે.

રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને પત્ર લખીને ઓબીસી આરક્ષણ અંગે તત્કાળ નિર્ણય લેવાની અરજ કરી છે.

મુખ્ય પ્રધાનને લખેલા પત્રમાં ટોપેએ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે ઓબીસી આરક્ષણ રદ કર્યું છે અને આ સંજોગોમાં નવેસરથી ચૂંટણી કરવાનું આવશ્યક બન્યું છે. આનું કારણ કે અગાઉનો ચૂંટણી કાર્યક્રમ અને આરક્ષણ ચાલુ રાખવામાં આવે તો અનેક લોકો પર અન્યાય થઈ શકે છે. તેમ જ લોકશાહી માટે પણ આમ કરવું હાનિકારક નીવડશે. આથી નવો કાર્યક્રમ અને ઓબીસી બાદ કરતાં આરક્ષણ રાખીને ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવો આવશ્યક છે. આ માટેનો નિર્ણય તત્કાળ લેવામાં આવે.

અહીં ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ નાના પટોલેએ પણ ઓબીસી આરક્ષણ અંગે આક્રમક વલણ અપનાવતાં જ્યાં સુધી ઓબીસી આરક્ષણ આપવામાં ન આવે ત્યાં સુધી રાજ્યમાં ચૂંટણી નહીં કરવા દેવાની ચિમકી ઉચ્ચારી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને લીધે રાજ્ય સરકાર અવઢવમાં છે. ■